DB Newspaper 23/09/2021

## નવી સરકારના નવા મંત્રીએ પણ ભરતીની લાલચ આપી, કહ્યું- છ મહિનામાં ૧૬,૪૦૦ની ભરતી થશે !

। ગાંધીનગર ।

ત્રણ વર્ષ સુધી ૧૦ વધુ યુવા બેરોજગારોને રાહ જોવડાવ્યા પછી પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગે પંચાયત તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કની ભરતી રદ થવાથી ઉમેદવારોને પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦ પરત આપવા જાહેરાત કરી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં વર્ગ- ૩ની ૨૨૦૦ જેટલી જગ્યાઓ માટે ભરતી જાહેર થઈ હતી. જેનું ગાજર દેખાડ્યા બાદ હવે આખી ભરતી જ રદ કરી દેવાઈ છે. ગુજરાતમાં જિલ્લા પંસદગી સમિતીઓને આધિન આ ભરતીમા ૧૦ લાખથી વધુ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા.

સપ્તાહ અગાઉ અસ્તિવમાં આવેલી ભાજપની નવી સરકારે પણ સરકારી નોકરીવાંચ્છુ સામે નવુ ગાજર દેખાડવાનું શરૂ કર્યુ છે. પંચાયત તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કની ભરતી રદ કર્યાની સુચનાઓ બાદ પંચાયત મંત્રી બ્રીજેશ મેરજાએ મિડીયા સમક્ષ "પંચાયત વિભાગમાં તલાટી, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સહિત ૯ અલગ અલગ સંવર્ગોમાં ૧૬,૪૦૦ જેટલી ખાલી છે. તેના માટે છ મહિનામાં ભરતી થશે" એમ કહેતા અગાઉ જિલ્લા પંસદગી દ્વારા થતી ભરતી હવે સેન્ટ્રલ સમિતિ કરશે એમ જાહેર કર્યુ હતુ. વર્તમાન સરકારનુ આયુષ્ય જ ૧૪ મહિનાનું છે, નવેમ્બર- ૨૦૨૨થી વિધાનસભા ચૂંટણી શરૂ થવાની છે. પોલીસ, ગૌણ સેવા સહિતની અગાઉ જાહેર થયેલી અનેક ભરતીઓ લટકી છે, ત્યારે પંચાયત વિભાગ છ મહિનામાં ભરતી કેવી રીતે પૂર્ણ કરશે તેને લઈને પણ સવાલો ઉઠ્યા છે. સોસિયલ મિડીયા પર સેંકડો બેરોજગાર યુવાનો નવી સરકાર પણ લોકપ્રિય થવા નવુ ગાજર લટકાવ્યાનો રોષ ઠાલવી રહ્યા છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક સચિવ જયદીપ દ્વિવેદીની સહીથી જિલ્લા વિકાસ અધિકારીઓને આપેલી સુચનામાં જૂનિયર ક્લાર્ક અને પંચાયત તલાટીની ભરતીમાં જે ઉમેદવારોએ બંને જગ્યા માટે રૂ.૧૦૦ની પરીક્ષા ફી ભરી હોય તેમને પોસ્ટના ચલણની ખાતરી કરીને બંને જાહેરાતો માટે પરીક્ષા ફી રૂ.૧૦૦ વત્તા રૂ.૧૦૦ પરત ચૂકવવા કહ્યું છે.

| | | | |
|---|---|---|---|
| **પંચાયતમાં ૩૫ % જગ્યા ખાલી** | લેબ ટેક્નિશિયન **318** | ફિમેલ હેલ્થ વર્કર **4,137** | ગ્રામ સેવક **1,839** |
| તલાટી **3,637** | મુખ્ય સેવિકા **238** | સ્ટાફ નર્સ **412** | નાયબ હિસાબનીશ **202** |
| અમઈ સિવિલ **359** | કંમ્પાઉન્ડર **316** | મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર **2,086** | જૂનિયર ક્લાર્ક **2,644** |

» **પંચાયતના ૧૧ સંવર્ગમાં ૧૬,૧૮૮ જગ્યાઓ હજુપણ ખાલી**

» **જિલ્લા પસંદગી સમિતિ નહીં પરંતુ કેન્દ્રીય સમિતિ ભરતી કરશે**

## સરકારી નોકરી માટેની ભરતીઓની તમામ માહિતી માટે અહિં ક્લિક કરો

## WWW.OJAS-MARUGUJARAT.IN

## ટેલીગ્રામ ચેનલમાં જોડાવા માટે અહિં ક્લિક કરો